# ગુજરાત સ્ટેટ એલિજીબીલિટી ટેસ્ટ

GSET અભ્યાસક્રમ

વિષય : સંગીત | કોડ નં : ૩૦

**હિન્દુસ્તાની સંગીત (ગાયન, વાદન અને સંગીતશાસ્ત્ર),**

**કર્ણાટક સંગીત, અવનદ્ધ વાદ્યો અને રવીન્દ્ર સંગીત**

**નોંધ:-**

- **એકમ- ૧, ૨, ૩ અને ૪ સંગીતના તમામ વિષયો માટે સમાન છે.**
- **એકમ- ૫ થી ૧૦ સંગીતના વિષય વિશિષ્ટ છે.**

## એકમ - ૧ પારિભાષિક શબ્દો

સંગીત, નાદ: આહત અને અનાહત, શ્રુતિ અને તેની પાંચ જાતિઓ, સાત વૈદિક સ્વરો, ગાંધર્વમાં વપરાતા સાત સ્વરો, શુદ્ધ અને વિકૃત સ્વર, વાદી-સંવાદી, અનુવાદી-વિવાદી, સપ્તક, આરોહ, અવરોહ, પકડ / વિશેષ સંચાર, પૂર્વાંગ, ઉત્તરાંગ, ઓડવ, ષાડવ, સંપૂર્ણ, વર્ણ, અલંકાર, આલાપ, તાન, ગમક, અલ્પત્વ-બહુત્વ, ગ્રહ, અંશ, ન્યાસ, અપન્યાસ, આવિર્ભાવ, તિરોભાવ, ગીત; ગાંધર્વ, ગાન, માર્ગ સંગીત, દેશી સંગીત, કુતપ, વૃંદ, વાગ્ગેયકાર મેલ, થાટ, રાગ, ઉપાંગ, ભાષાંગ, મીંડ, ખટકા, મુરકી, સૂત, ગત, જોડ, ઝાલા, ઘસીટ, બાજ, હાર્મની અને મેલોડી, તાલ, લય અને વિવિધ લયકારી, હિન્દુસ્તાની સંગીતના પ્રચલિત તાલો, સપ્ત તાલ અને ૩૫ તાલ, તાલદશ પ્રાણ, યતિ, ઠેકો, માત્રા, વિભાગ, તાલી, ખાલી, કાયદો, પેશકાર, ઉઠાન, ગત, પરન, રેલા, તિહાઈ, ચક્રધાર, લગ્ગી, લડી, માર્ગ-દેશી તાલ, આવર્તન, સમ, વિષમ, અતીત, અનાગત, દશવિધ ગમક, પંચદશ ગમક, કટપયાદિ પદ્ધતિ, ૧૨ ચક્રોના નામ, બાર સ્વરસ્થાન, નિરવલ, સંગતિ, મુદ્રા, ષડાંગ, આલાપના, તાનમ, કાકુ, આકારમાત્રિક સ્વરલેખન પદ્ધતિ.

## એકમ – ૨ લોકસંગીત

ભારતીય લોકગીત / સંગીતનો ઉદ્ભવ, વિકાસ અને વર્ગીકરણ.

લોકસંગીતની લાક્ષણિકતાઓ.

ભારતના વિવિધ પ્રદેશોના લોકસંગીત, લોકવાદ્યો અને કલાકારોનો વિગતવાર અભ્યાસ.

લોકસંગીતમાં વપરાતા રાગ અને તાલ

ભારતના લોકમેળાઓ અને ઉત્સવો.

**એકમ – ૩ રસ અને સૌંદર્યશાસ્ત્ર**

રસ, ભરત અને અન્ય આચાર્યો મુજબ રસના સિદ્ધાંતો.

રસ નિષ્પત્તિ અને ભારતીય શાસ્ત્રીય સંગીતમાં તેનો વિનિયોગ.

ભાવ અને રસ.

સ્વર, લય, તાલ, છંદ અને કાવ્યના સંદર્ભમાં રસ.

ભારતીય અને પાશ્ચાત્ય દાર્શનિકો મુજબ સૌંદર્યશાસ્ત્ર.

વાત્સ્યાયન મુજબ ૬૪ કલાઓનું સામાન્ય જ્ઞાન.

રાગ-રાગિણી ચિત્રો અને રાગ ધ્યાનનો સામાન્ય ઇતિહાસ.

લલિત કલાઓનો આંતર-સંબંધ.

**એકમ – ૪ સંશોધન પદ્ધતિ અને શિક્ષણશાસ્ત્ર, તકો, આંતરશાખાકીય પાસાઓ અને આધુનિક ટેકનોલોજી**

**સંશોધનનું શાસ્ત્ર:** સંશોધન ક્ષેત્રો, સાહિત્યની સમીક્ષા, યોગ્ય સંશોધન વિષયો અને સંશોધન સમસ્યાઓની પસંદગી, સંગીત સંશોધનની કાર્યપદ્ધતિ, સંશોધન રૂપરેખા તૈયાર કરવી, માહિતી એકત્રીકરણ અને તેના સ્ત્રોતો, માહિતી વિશ્લેષણ, પ્રોજેક્ટ અહેવાલ લેખન, સંશોધન પ્રોજેક્ટ અનુક્રમણિકા, સંદર્ભો અને સંદર્ભગ્રંથ સૂચિ વગેરે.

**સંશોધન ક્ષેત્રો અને તેના આંતરશાખાકીય પાસાઓ:** સંગીત અને સાહિત્ય, સંગીત ચિકિત્સા, દર્શનશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ભૌતિકશાસ્ત્ર, ગણિત, અર્થશાસ્ત્ર, સામાજિક વિજ્ઞાન, ધર્મ અને સંસ્કૃતિ.

**આધુનિક ટેકનોલોજી:** ઇલેક્ટ્રોનિક સાધનો, કમ્પ્યુટર, ઇન્ટરનેટ વગેરે.

**સ્વાતંત્ર્યોત્તર કાળમાં ભારતીય સંગીતમાં નવા પ્રવાહો.**

## <u>હિન્દુસ્તાની સંગીત</u>

## (ગાયન, વાદન અને સંગીતશાસ્ત્ર)

### એકમ – ૫ પ્રાયોગિક સિદ્ધાંત

સંગીત ઉત્પત્તિનો વિગતવાર અભ્યાસ; સંગીતનાં સપ્તકો (ભારતીય અને પાશ્ચાત્ય); ગ્રામ, મૂર્ચ્છના અને ચતુ:સારણાનો વિગતવાર અભ્યાસ; જાતિ લક્ષણ, જાતિ ભેદ, રાગનો ખ્યાલ, રાગ-લક્ષણ.

રાગનું વર્ગીકરણ: ૧) ગ્રામ રાગ અને દેશી રાગ વર્ગીકરણ ૨) મેલ રાગ વર્ગીકરણ ૩) થાટ રાગ વર્ગીકરણ ૪) શુદ્ધ, છાયાલગ અને સંકીર્ણ રાગ વર્ગીકરણ ૫) રાગ-રાગિણી વર્ગીકરણ ૬) રાગાંગ વર્ગીકરણ; રાગનો સમય સિદ્ધાંત; પ્રાચીન, મધ્યકાલીન અને આધુનિક કાળમાં શ્રુતિઓ પર શુદ્ધ અને વિકૃત સ્વરોની સ્થાપના; પ્રચલિત રાગો અને તાલોનું વર્ણન; હિન્દુસ્તાની, કર્ણાટક અને પાશ્ચાત્ય સંગીતની સ્વરલેખન પદ્ધતિઓ; ગાયકના ગુણ અને દોષ; રિમિક્સ, ફ્યુઝન, ઓર્કેસ્ટ્રા, વૃંદગાન અને અકોસ્ટિક; હિન્દુસ્તાની અને કર્ણાટકી સ્વરો અને તાલોનો તુલનાત્મક અભ્યાસ; પ્રચલિત હિન્દુસ્તાની રાગોના કર્ણાટકી નામો; દુગુન, તિગુન, ચૌગુન, આડ, કુઆડ અને બિઆડ જેવી વિવિધ લયકારીઓનું જ્ઞાન.

### એકમ – ૬ ભારતીય સંગીતનો ઇતિહાસ, સંગીતશાસ્ત્રીઓનું પ્રદાન અને તેમની ગ્રંથ પરંપરા

વૈદિકથી આધુનિક કાળ સુધીના હિન્દુસ્તાની સંગીતના ઐતિહાસિક વિકાસનો અભ્યાસ;

પ્રાચીન, મધ્યકાલીન અને આધુનિક સંગીતશાસ્ત્રીઓ અને વિદ્વાનો:- ભરત, નારદ, મતંગ, સોમેશ્વરદેવ, જગદેકમલ્લ, નાન્યદેવ, શારંગદેવ, પાર્શ્વદેવ, સુધાકલશ, મહારાણા કુંભા, રામામાત્ય, દામોદર પંડિત, પં. અહોબલ, શ્રીનિવાસ, હૃદનારાયણ, વ્યંકટમખી, પં. વિષ્ણુ દિગંબર પલુસ્કર, પં. વિષ્ણુ નારાયણ ભાતખંડે, પં. વિનાયક રાવ પટવર્ધન, પં. ઓમકારનાથ ઠાકુર, આચાર્ય બૃહસ્પતિ, ઠાકુર જયદેવ સિંહ, શરદચંદ્ર શ્રીધર પરાંજપે, ભગવત શરણ શર્મા, ડો. પ્રેમ લતા શર્મા, ડો. સુભદ્રા ચૌધરી, પ્રો. આર.સી. મહેતા, પ્રો. પ્રદીપ કુમાર દીક્ષિત.

ભારતીય સંગીતના પ્રાચીન, મધ્યકાલીન અને આધુનિક ગ્રંથોનો અભ્યાસ જેમ કે નાટ્યશાસ્ત્ર, નારદીય શિક્ષા, સંગીત મકરંદ, બૃહદ્દેશી, માનસોલ્લાસ, સંગીત ચુડામણી, ભરત ભાષ્ય, સંગીત રત્નાકર, સંગીત સમયસાર, સંગીતોપનિષદસારોદ્ધાર, સંગીત રાજ, સ્વરમેલકલાનિધિ, સંગીત દર્પણ, સંગીત પારિજાત, રાગ તત્વવિબોધ, હૃદય કૌતુક, હૃદય પ્રકાશ, ચતુર્દંડી પ્રકાશિકા, સંગીત ચિંતામણી, પ્રણવભારતી વગેરે.

ભારતીય સંગીતમાં પાશ્ચાત્ય વિદ્વાનોનું પ્રદાન:

કેપ્ટન એન.એ. વિલાર્ડ, વિલિયમ જોન્સ, કેપ્ટન સી.આર. ડે, ઈ. ક્લેમેન્ટ્સ, ફોક્સ સ્ટ્રેન્જવેઝ, એચ.એ. પોપલી અને એલેન ડેનિયેલૂ.

### એકમ – ૭ ગાયન-વાદન પ્રકારો અને તેમનો વિકાસ

પ્રબંધ, ધ્રુપદ, ધમાર, સાદરા.

ખ્યાલ, તરાના, ત્રિવટ, ચતુરંગ, સરગમ ગીત, લક્ષણ ગીત, રાગમાલા વગેરે.

ઠુમરી, દાદરા, ટપ્પા, હોરી, કજરી અને ચૈતી વગેરે.

સુગમ સંગીત: ગીત, ગઝલ અને ભજન વગેરે.

ફિરોઝખાની ગત, મસીતખાની ગત, રઝાખાની ગત અને ઝોફરખાની ગત અને તેના પ્રકારો.

જાતિ, જાવલી, કૃતિ, તિલ્લાના, રાગમ, તાનમ, પલ્લવી.

ઉપરોક્ત ગાયન અને વાદન રચનાઓનો ઉદ્ભવ, વિકાસ અને રજૂઆત.

ઉપરોક્ત સ્વરૂપોના ક્ષેત્રમાં પ્રચલિત કલાકારો.

## એકમ – ૮ સંગીત વાદ્યો અને તેમનું વર્ગીકરણ

પ્રાચીન, મધ્યકાલીન અને આધુનિક કાળમાં ભારતીય સંગીત વાદ્યોનું વર્ગીકરણ.

પ્રાચીન કાળની વિવિધ વીણાઓ.

તત - સિતાર, સરોદ, વાયોલિન, દિલરુબા, ઇસરાજ, સંતુર, તાનપુરા, સુરબહાર, ગિટાર.

ઘન - જલતરંગ, ઘટમ, મોરસિંગ, ચીપલી, મંજીરા, ઝાંઝ, કરતાલ.

સુષિર - વાંસળી અને તેના પ્રકારો, શરણાઈ, નાગસ્વરમ, હાર્મોનિયમ.

અવનદ્ધ - પખાવજ, તબલા, મૃદંગમ, કંજિરા, ખોલ, ચંગ, નગારા, ડફ, હુડકા, ઢોલક.

આ વાદ્યોનો ઉદ્ભવ, વિકાસ, વગાડવાની તકનીકો અને પ્રખ્યાત કલાકારો.

## એકમ – ૯ સંગીતકારો / કલાકારોનું ભારતીય સંગીતમાં પ્રદાન

તાનસેન, હરિદાસ, ગોપાલ નાયક, સદારંગ, પંડિત બાલકૃષ્ણ બુઆ ઈચલકરંજીકર, પંડિત વિષ્ણુ દિગંબર પલુસ્કર, પંડિત વિષ્ણુ નારાયણ ભાતખંડે, ઉસ્તાદ ફૈય્યાઝ ખાન, ઉસ્તાદ બડે ગુલામ અલી ખાન, ઉસ્તાદ નિસાર હુસૈન ખાન, પંડિત ઓમકાર નાથ ઠાકુર, પંડિત વિનાયક રાવ પટવર્ધન, પંડિત નારાયણ રાવ વ્યાસ, પંડિત સી.આર. વ્યાસ, પંડિત કૃષ્ણ રાવ શંકર પંડિત, પંડિત મલ્લિકાર્જુન મન્સૂર, શ્રીમતી ગંગુબાઈ હંગલ, કેસરબાઈ કેરકર, અબ્દુલ કરીમ ખાન, હીરાબાઈ બડોદેકર, સુહાસિની કોરેટકર, બડે રામદાસ, સિદ્ધેશ્વરી દેવી, બેગમ અખ્તર, શોભા ગુર્ટુ, ગિરિજા દેવી, સવિતા દેવી, મોગૂબાઈ કુર્ડીકર, કિશોરી આમોનકર, પંડિત કુમાર ગાંધર્વ, પંડિત જસરાજ, પંડિત બલવંત રાય ભટ્ટ, પંડિત રામાશ્રય ઝા.

અસદ અલી ખાન, પંડિત લાલ મણિ મિશ્રા, અબ્દુલ હલીમ ઝફર ખાન, અલી અકબર ખાન, શરણ રાની, અમજદ અલી ખાન, અનંત લાલ, પન્ના લાલ ઘોષ, વિજય રાઘવ રાવ, રઘુનાથ સેઠ, હરિ પ્રસાદ ચૌરસિયા, અહમદ જાન થિરકવા, પંડિત સામતા પ્રસાદ, કિશન મહારાજ, કુદઉ સિંહ, પાગલ દાસ, બ્રજ ભૂષણ કાબરા, વિશ્વ મોહન ભટ્ટ, શિવ કુમાર શર્મા, ભજન સોપોરી, એમ.એસ. ગોપાલ કૃષ્ણન, વી.જી. જોગ, એન. રાજમ, અપ્પા જલગાંવકર, મહેમૂદ ધૌલપુરી.

ભારત રત્ન વિજેતાઓ:-

એમ.એસ. સુબ્બુલક્ષ્મી, પં. રવિ શંકર, ઉસ્તાદ બિસ્મિલ્લા ખાન, લતા મંગેશકર અને પં. ભીમસેન જોશી.

પુરંદર દાસ, શ્યામ શાસ્ત્રી, મુત્તુસ્વામી દીક્ષિતર, ત્યાગરાજ, સ્વાતિ તિરુનાલ.

બાખ, બીથોવન, મોઝાર્ટ, યહુદી મેન્યૂહિન.

## એકમ – ૧૦ હિન્દુસ્તાની સંગીતની ઘરાના અને સંસ્થાકીય પ્રણાલી તથા પરિષદો

ઘરાનાનો ઉદ્ભવ અને વિકાસનો સામાન્ય અભ્યાસ.

સંસ્થાકીય પ્રણાલી અને તેમનું હિન્દુસ્તાની સંગીતમાં પ્રદાન.

ધ્રુપદની ચાર બાનીઓ અને તેનું હિન્દુસ્તાની સંગીતમાં મહત્ત્વ.

ધ્રુપદ, ખ્યાલ અને વાદ્ય સંગીતના વિવિધ ઘરાનાઓનો સામાન્ય અભ્યાસ.

ગાયન અને વાદ્ય સંગીતમાં ઘરાનાઓની વિશેષતાઓ અને તેના પ્રખ્યાત કલાકારો.

ઠુમરીના પૂરબ અને પંજાબ અંગો. ભારતમાં મહત્ત્વની સંગીત પરિષદો.

સંગીતના ક્ષેત્રમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પુરસ્કારો.

સંગીત શિક્ષણ સંસ્થાઓ, અકાદમીઓ, પ્રસાર ભારતી, ગીત અને નાટક વિભાગ અને ભારતીય સંગીતમાં ફિલ્મનું પ્રદાન.

# <u>કર્ણાટકી સંગીત</u>

## એકમ – ૫ પ્રાયોગિક સિદ્ધાંત

સ્વર સપ્તક (ભારતીય તથા પાશ્ચાત્ય), શુદ્ધ અને વિકૃત સ્વરો, પ્રાચીન, મધ્યકાલીન અને આધુનિક કાળમાં શ્રુતિ, ગ્રામ, મૂર્ચ્છના-જાતિનો વિગતવાર અભ્યાસ, પ્રાચીન કાળમાં જાતિ લક્ષણ, રાગનો વિચાર/ધારણા, પ્રાચીનથી આધુનિક કાળ સુધી રાગનું વર્ગીકરણ, પ્રચલિત રાગોના રાગલક્ષણ, મેલ-જન્ય પદ્ધતિ, કટપયાદિ અને ભૂત સંખ્યા, જન્ય-રાગ વર્ગીકરણ, પ્રાચીન-પાલૈ-પણ પદ્ધતિ, ૨૨ શ્રુતિઓ અને સ્વરો તથા રાગોમાં તેમનું વિતરણ, સુલાદિ સપ્ત તાલ, ૩૫ તાલોની યોજના, તાલ દશ પ્રાણ, માર્ગ અને દેશી તાલ, તિરુપુગઝના તાલ, ષડાંગ અને ષોડશાંગ, હિન્દુસ્તાની સંગીતના મહત્વના રાગ અને તાલ. હિન્દુસ્તાની, કર્ણાટકી અને પાશ્ચાત્ય સંગીતમાં સ્વરલેખન પદ્ધતિઓ. કંઠ સંસ્કાર, વૃંદવાદન આયોજન અને ધ્વનિશાસ્ત્ર.

## એકમ – ૬ સંગીતનો ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય- વિદ્વાનો અને સંગીતશાસ્ત્રીઓનું પ્રદાન, ગ્રંથોમાં સંગીતની વિભાવનાઓ

નારદ - નારદીય શિક્ષા, સંગીત મકરંદ; ભરત - નાટ્યશાસ્ત્ર; દત્તિલ-દત્તિલમ, મતંગ – બૃહદ્દેશી; સોમેશ્વર – માનસોલ્લાસ; પાર્શ્વદેવ - સંગીત સમયસાર; શારંગદેવ - સંગીત રત્નાકર, સિંહભૂપાલ; નાન્યદેવ- ભરત ભાષ્યમ; લોચન કવિ - રાગ તરંગિણી; જગદેકમલ્લ - સંગીત ચુડામણી; વિધારણ્ય - સંગીત સાર, રામામાત્ય - સ્વરમેલકલાનિધિ; રાણા કુંભા - સંગીત રાજ; સોમનાથ - રાગ વિબોધ, અહોબલ - સંગીત પારિજાત; ગોવિંદ દીક્ષિત – સંગીત સુધા; વ્યંકટમખી - ચતુર્દંડી પ્રકાશિકા; તુલજા - સંગીત સારામૃત; ગોવિંદ આચાર્ય - સંગ્રહ ચુડામણી; સુબ્બરામ દીક્ષિતર - સંગીત સંપ્રદાય પ્રદર્શિની; અબ્રાહમ પંડિતર - કરુણામૃત સાગરમ; નાદમુનિ પંડિતર - સ્વર પ્રસ્તાર સાગરમ; અતુર કૃષ્ણ પિશારોતી - સંગીત ચંદ્રિકા.

સિલપ્પાદિકરમ, સંગમ ગ્રંથો, પંચમરબુ, તાલ સમુદ્રમ, મહાભારત ચુડામણી, યાઝનૂલ અને તમિલ, તેલુગુ, કન્નડ અને મલયાલમના અન્ય મહત્ત્વના ગ્રંથોમાં સંગીતની વિભાવનાઓના સંદર્ભો.

### સંગીતશાસ્ત્રીઓ

વી.એન. ભાતખંડે, વી.ડી. પલુસ્કર, સ્વામી પ્રજ્ઞાનાનંદ, બી.સી. દેવા, પી. સાંબમૂર્તિ, એસ. સીતા, વી. રાઘવન, પ્રેમલતા શર્મા, આર. સત્યનારાયણ, ટી.એસ. પાર્થસારથી, એન. રામનાથન, એસ.એ.કે. દુર્ગા, બાલંત્રપુ રજનીકાંત રાવ, આર.સી. મહેતા અને તેમની કૃતિઓ.

ભારતીય સંગીતમાં પાશ્ચાત્ય વિદ્વાનોનું પ્રદાન: કર્ટ સાક્સ, એન.એ. વિલાર્ડ, વિલિયમ જોન્સ, સી.આર. ડે, ઈ. ક્લેમેન્ટ્સ, ફોક્સ સ્ટ્રેન્જવેઝ, એચ.એ. પોપલી અને એલેન ડેનિયલો.

## એકમ – ૭ ગાયન-વાદન પ્રકારો અને તેમનો વિકાસ

પ્રબંધ, ગીતમ, સ્વરજતિ, જતિસ્વરમ, તાનવર્ણમ, પદવર્ણમ, કીર્તન, કૃતિ, પદમ, જાવલી, તિલ્લાના, રાગમ - તાનમ - પલ્લવી, નિરવલ, કલ્પનાસ્વર, તેવરમ, દિવ્યપ્રબંધમ, તિરુપ્પુગઝ, થાયા, રાગમાલિકા, વિરુત્તમ, દંડકમ, ચૂર્ણિકા, શ્લોક, દારુ, અષ્ટપદી, તરંગમ, તિરુવઈમોઝી, તિરુપ્પાવઈ, ચિન્દુ, તિરુવાસગમ, જૂથ કૃતિઓનો ઉદ્ભવ અને વિકાસ.

ગેય નાટકો, નૃત્ય નાટકો.

હિન્દુસ્તાની સંગીતના સ્વરૂપો ધ્રુપદ, ધમાર, ખ્યાલ, ઠુમરી, ટપ્પા, તરાના, ત્રિવટ, ચતુરંગ, વૃંદગાન.

### એકમ – ૮ ભારતના સંગીત વાદ્યો

સંગીત વાદ્યોના વર્ગીકરણની ભારતીય વિભાવના.

વીણા, તંબૂરો, વાયોલિન, ચિત્ર વીણા, વાયોલા, મેન્ડોલિન, વાંસળી, નાદસ્વરમ, પંચ મુખ વાદ્યમ, મૃદંગમ, તવિલ, કંજિરા, દપ્પુ, ચેન્ડા, મદલમ, તિમિલા, જલતરંગ, ઘટમ, મોરસિંગ, ચિપલા, જાલરા, કરતાલ અને અન્ય તાલ વાદ્યોનો ઉદ્ભવ, વિકાસ, સંરચના અને વાદન તકનીક.

સિતાર, સારંગી, સરોદ, શરણાઈ, તબલા, પખાવજ, પિયાનો, ગિટાર, ક્લેરિયોનેટનું રૂપરેખા જ્ઞાન.

### એકમ – ૯ સંગીતકારો / કલાકારોનું સંગીતમાં પ્રદાન (ભારતીય અને પાશ્ચાત્ય)

તેવરમ, આલવાર, જયદેવ, દાસ કૂટ, પુરંદર દાસ, અન્નમાચાર્ય, તાલ્લાપાકા સંગીતકારો, ભદ્રાચલ રામદાસ, અરુણગિરિનાથર, મુથુતાંડવર, મારીમુત્તુપિલ્લઈ, અરુણાચલ કવિરાયર, સંગીત ત્રિમૂર્તિ એટલે કે શ્યામા શાસ્ત્રી, ત્યાગરાજ, મુત્તુસ્વામી દીક્ષિતર, સ્વાતિ તિરુનાલ, ગોપાલકૃષ્ણ ભારતી, તાંજોર ક્વાર્ટેટ, પટનમ સુબ્રમણ્યમ અય્યર અને અન્ય અગ્રણી ઉત્તર-ત્રિમૂર્તિ સંગીતકારો.

અરિયકુડી રામાનુજ આયંગર, મુસિરી સુબ્રમણ્યમ અય્યર, જી.એન. બાલાસુબ્રમણ્યમ, મહારાજાપુરમ વિશ્વનાથ અય્યર, સેમ્મનગુડી શ્રીનિવાસ અય્યર, ચેમ્બાઈ વૈદ્યનાથ ભાગવતર, કે.વી. નારાયણ સ્વામી, એમ.ડી. રામનાથન, આર.કે. શ્રીકાંતન, એમ. બાલમુરલી કૃષ્ણ, એમ.એસ. સુબ્બુલક્ષ્મી, ડી.કે. પટ્ટમ્મલ, એમ.એલ. વસંતકુમારી, બ્રિન્દા, મુક્તા અને અન્ય અગ્રણી ગાયકો.

કારાઈકુડી સામ્બા શિવા અય્યર, વીણા ધનમ્મલ, એસ. બાલચંદર, મૈસૂર દોરાઈસ્વામી આયંગર, ચિટ્ટી બાબુ, મૈસૂર ચૌદૈયા, લાલગુડી જયરામન, દ્વારમ વેંકટસ્વામી નાયડુ, ટી.એન. કૃષ્ણન, એમ.એસ. ગોપાલકૃષ્ણન, સરભ શાસ્ત્રી, ટી.આર. મહાલિંગમ, એન. રમણી, શેખ ચિન્ના મૌલાના, અંબલપુઝા ભાઈઓ, નામગિરિ પેટ્રાઈ કૃષ્ણન, પાલઘાટ મણિ અય્યર, પલની સુબ્રમણ્યમ, વિક્કુ વિનાયકરામ, હરિશંકર અને વીણા, વાયોલિન, વાંસળી, નાદસ્વરમ, મૃદંગમ, ઘટમ અને કંજિરાના અન્ય અગ્રણી કલાકારો.

### એકમ – ૧૦ અગ્રણી બાનીઓ, સંગીત પ્રશિક્ષણ, શિક્ષણ અને પ્રસાર

ગુરુકુલ સંપ્રદાયના ગુણો અને મર્યાદાઓ, વિશ્વવિદ્યાલયોમાં સંસ્થાકીય પ્રશિક્ષણ અને શૈક્ષણિક શિક્ષણ પદ્ધતિ.

નાદસ્વરમ બાની - તાંજોર શૈલી, મૃદંગ બાની - તાંજોર, પુદુક્કોટ્ટઈ અને પાલક્કાડ શૈલીઓ, ધનમ્મલ સ્કૂલની બાનીઓ, અરિયકુડી, મુસિરી, જી.એન.બી., મહારાજાપુરમ, ચેમ્બાઈ અને સેમ્મનગુડી.

સંગીત ત્રિમૂર્તિની શૈલીઓ અને તેમના રાગોનું વિશ્લેષણ, વિવિધ સંગીત આવૃત્તિઓ સાથેની રચનાઓ.

સંગીત અકાદમીઓ, પ્રસાર ભારતી, ગીત અને નાટક વિભાગ, ફિલ્મો, તિરુવૈયારુ, ચેમ્બાઈ, મેલાતુર વગેરે જેવા સંગીત ઉત્સવો દ્વારા સંગીત પ્રસાર.

કર્ણાટકી સંગીત પર અન્ય સંગીત પ્રણાલીઓનો પ્રભાવ - હિન્દુસ્તાની અને પાશ્ચાત્ય.

સંગીતમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પુરસ્કારો.

## <u>અવનદ્ધ વાદ્યો</u>

### એકમ – ૫ પ્રાયોગિક સિદ્ધાંત – તાલ અને અવનદ્ધ વાદ્યો

તબલા અને પખાવજ વાદ્યોમાં વર્ણ અને તેમના સંયોજનોનું વર્ણન અને વાદન તકનીકો. તાલના દશ પ્રાણનો વિગતવાર અભ્યાસ. માર્ગી અને દેશી તાલ પદ્ધતિનો વિગતવાર અભ્યાસ, કર્ણાટકી તાલ પદ્ધતિનું જ્ઞાન: ઉત્તર ભારતીય તાલ પદ્ધતિ અને ઉત્તર ભારતીય સંગીતમાં વપરાતા તાલોનું વિગતવાર જ્ઞાન. રવીન્દ્ર સંગીત સાથે વપરાતા તાલોનું સંક્ષિપ્ત જ્ઞાન.

લય અને લયકારી. હિન્દુસ્તાની અને કર્ણાટકી તાલ સ્વરલેખન પદ્ધતિનું વિગતવાર જ્ઞાન.

સ્ટાફ નોટેશન પદ્ધતિનું સંક્ષિપ્ત જ્ઞાન.

ગાયન (શાસ્ત્રીય, ઉપ-શાસ્ત્રીય સંગીત), વાદ્ય સંગીત અને કથક નૃત્ય સાથે તબલા સંગત.

તાલ અને છંદ વચ્ચેનો સંબંધ, વિવિધ માત્રાઓની તિહાઈ બનાવવાનું જ્ઞાન.

તિહાઈ--દમદાર, બેદમ, નૌહક્કા અને ચક્રધાર તિહાઈઓનું વિગતવાર જ્ઞાન.

ચક્રધારની ગાણિતિક ગણતરી - સાધારણ, ફરમાઈશી અને કમાલી ચક્રધાર.

ચક્રધાર ગત, ચક્રધાર ટુકડા અને ચક્રધાર પરન વચ્ચેનો તફાવત. આચાર્ય બૃહસ્પતિ દ્વારા વર્ણવેલ બત્રીસ તિહાઈઓનું ચક્ર.

### એકમ – ૬ સંગીતનો ઈતિહાસ, ગ્રંથો અને સંગીતશાસ્ત્રીઓનું પ્રદાન

ભરત, શારંગદેવ, મતંગ, પાર્શ્વદેવ, નાન્યદેવ, રામામાત્ય, સોમનાથ, દામોદર પંડિત, અહોબલ, વ્યંકટમખી, વી.એન. ભાતખંડે, વી.ડી. પલુસ્કર, પુંડરીક વિઠ્ઠલ, ડો. સુભદ્રા ચૌધરી, નિખિલ ઘોષ, મધુકર ગણેશ ગોડબોલે, સ્વામી પાગલ દાસ, પુરુષોત્તમ દાસ પખાવજી, ગિરીશ ચંદ્ર શ્રીવાસ્તવ, ભગવત શરણ શર્મા, પ્રો. સુધીર કુમાર સક્સેના, ડો. આબાન મિસ્ત્રી, ડો. યોગમાયા શુક્લા, અરવિંદ મુળગાંવકર, સુધીર માઇણકર, ડો. અરુણ કુમાર સેન, છોટે લાલ મિશ્રા.

### નીચેના ગ્રંથોનો વિગતવાર અભ્યાસ:

નાટ્યશાસ્ત્ર, સંગીત રત્નાકર, બૃહદ્દેશી, સંગીત સમયસાર, સંગીત રાજ, અષ્ટોત્તર શત તાલ લક્ષણમ, ભારતીય સંગીત વાદ્ય, તબલા કા ઉદગમ વિકાસ એવમ વાદન શૈલીયાં, ભારતીય તાલોં કા શાસ્ત્રીય વિવેચન, પખાવજ એવમ તબલે કે ઘરાને એવમ પરંપરાએં, તાલ કોષ, તબલા વાદન કલા એવમ શાસ્ત્ર, તબલા, ભારતીય તાલ મેં અનેકતા મેં એકતા, એસ્થેટિક્સ ઓફ તબલા, તબલા પુરાણ, તાલ વાદ્ય પરિચય, તબલા ગ્રંથ મંજુષા, લય તાલ વિચાર મંથન, તબલા વાદન મેં નિહિત સૌંદર્ય, સોલો તબલા ડ્રમિંગ ઓફ નોર્થ ઇન્ડિયા, તબલા ઓફ લખનૌ, તાલ વાદ્ય શાસ્ત્ર, ભારતીય સંગીત મેં તાલ, છંદ એવમ રૂપ વિધાન.

### એકમ – ૭ અવનદ્ધ વાદ્યોના રચનાત્મક સ્વરૂપોનો વિગતવાર અભ્યાસ

બંદિશની વ્યાખ્યા - વિસ્તારક્ષમ અને અપરિવર્તનશીલ રચનાઓ. બંદિશોનું સૌંદર્યશાસ્ત્ર. બંદિશોની રજૂઆતનું મહત્ત્વ.

ઠેકા, પેશકાર, કાયદો અને તેના પ્રસ્તાર (પલટા), બાંટ, રેલા, રૌ, ટુકડા, મુખડા, ગત અને તેના વિવિધ પ્રકારો, રંગ-રેલા, ફ્રિર્દ, પરન, વિવિધ પ્રકારની તિહાઈઓનો વિગતવાર અભ્યાસ. વિવિધ ઘરાનાઓના ગત અને કાયદા, લગ્ગી-લડી.

શાસ્ત્રીય ગાયન, ઉપ-શાસ્ત્રીય અને વાદ્ય સંગીતમાં પ્રચલિત વિવિધ રચનાઓનો અભ્યાસ:- ખ્યાલ, મસીતખાની ગત, રઝાખાની ગત, ઠુમરી, દાદરા, ટપ્પા, કજરી, ચૈતી, ધ્રુપદ, ધમાર, સાદરા, ઝૂલા, ભજન, ગઝલ, ગીત.

કથક નૃત્યમાં વપરાતી રચનાઓનું સામાન્ય જ્ઞાન:- આમદ, પરન, તત્કાર, તોડા, સ્તુતિ પરન.

## એકમ – ૮ સંગીત વાદ્યોનું વર્ગીકરણ, ભારતમાં પ્રાચીનથી વર્તમાન સમય સુધીના સંગીત વાદ્યોનું વર્ણન

ભરત, શારંગદેવ અને ડો. લાલમણિ મિશ્રા દ્વારા વર્ણવેલ ભારતીય સંગીત વાદ્યોનું વર્ગીકરણ.

નીચેના વાદ્યોના ઉદ્ભવ, વિકાસ, સંરચના અને વાદન તકનીકનો વિગતવાર અભ્યાસ:-

A) તત વાદ્ય:- વીણા, વિચિત્ર વીણા, નારદીય વીણા, સરસ્વતી વીણા, રુદ્ર વીણા, સિતાર, સરોદ, સારંગી, વાયોલિન, દિલરુબા, ઇસરાજ, સંતુર, સુરબહાર, તાનપુરો, ગિટાર, એકતારો, દોતારો.

B) સુષિર વાદ્ય:- વાંસળી, શરણાઈ, નાદસ્વરમ, ક્લેરિયોનેટ, અલગૌઝા, સુંદરી, મગુતી.

C) અવનદ્ધ વાદ્ય:- પણવ, પટહ, મૃદંગ, પખાવજ, તબલા, મૃદંગમ, તવિલ, કંજિરા, ખોલ, ચેન્ડા, ચંગ, ઉપાંગ, ડફ, નગારા, ઢોલ, ઢોલક, સંબલ, ઢોલકી, નાલ, હુડકા, પુંગ.

D) ઘન વાદ્ય:- જલ-તરંગ, નલ-તરંગ, ઘટમ, મોરસિંગ, ચિપલી, જાલરા, કરતાલ, ઝાંઝ, મંજીરા.

પાશ્ચાત્ય સંગીતમાં વપરાતા પ્રચલિત અવનદ્ધ વાદ્યો:- કેટલ ડ્રમ, સ્નેર ડ્રમ, બેઝ ડ્રમ, ટેનર ડ્રમ અને અન્ય મહત્ત્વના અવનદ્ધ વાદ્યો.

## એકમ – ૯ કલાકાર અને સંગીતકાર

તબલા:- નથ્થુ ખાન, મોદુ ખાન, બક્ષુ ખાન, આબિદ હુસૈન ખાન, હાજી વિલાયત અલી, સાલારી ખાન, ચુડિયા ઇમામ બક્ષ, રામ સહાય, મુનીર ખાન, હબીબુદ્દીન ખાન, અહમદજાન થિરકવા, આમિર હુસૈન, જહાંગીર ખાન, શેખ દાઉદ, બડે મુન્ને ખાન, કરમતુલ્લા ખાન, અલ્લા રખ્ખા ખાન, જ્ઞાન પ્રકાશ ઘોષ, નિખિલ ઘોષ, ગામા મહારાજ, કિશન મહારાજ, કંઠે મહારાજ, સામતા પ્રસાદ (ગુદઈ મહારાજ), અનોખે લાલ મિશ્રા, ભાઇ ગાયતોન્ડે, પંઢરીનાથ નાગેશકર, સુરેશ તળવલકર, હશમત અલી ખાન, ઝાકિર હુસૈન અને સમકાલીન તબલા અને પખાવજ કલાકારો અને વિદ્વાનો.

પખાવજ:- કુદઉ સિંહ જોધસિંહ, નાના પાનસે, અયોધ્યા પ્રસાદ, પાગલ દાસ, છત્રપતિ સિંહ, અર્જુન શેજવાલ, માધવ રાવ અલકુટકર, સખારામ.

નગારા વાદક:- દિલાવર ખાન, અગ્ગન ખાન.

ઢોલક વાદક:- બફાતી ખાન, ગુલામ જાફર, ઢોલકી:- વિજય ચૌહાણ.

**કર્ણાટકી સંગીત:- ગાયકો અને વાદકો**

ભારત રત્ન સુબ્બુલક્ષ્મી, એસ. બાલચંદર, બાલ મુરલીકૃષ્ણન, લાલગુડી જયરામન, ટી.એન. કૃષ્ણન, પાલઘાટ રઘુ, પાલઘાટ મણિ અય્યર, ઉમયાલપુરમ શિવરામન, યુ. શ્રીનિવાસન, વિક્કુ વિનાયક રામ, હરિ શંકર.

### ઉત્તર ભારતીય ગાયકો અને વાદકો:-

અલ્લાઉદ્દીન ખાન, વિલાયત ખાન, રવિશંકર, અબ્દુલ હલીમ જાફર, બલરામ પાઠક, નિખિલ બેનર્જી, હાફિઝ અલી ખાન, અલી અકબર ખાન, અમજદ અલી ખાન, વી.જી. જોગ, ડી.કે. દાતાર, એન. રાજમ, હરિ પ્રસાદ ચૌરસિયા, પન્નાલાલ ઘોષ, બિસ્મિલ્લા ખાન, અલી હુસૈન, સિદ્ધરામ જાધવ, કૃષ્ણ રાવ શંકર પંડિત, મોગુબાઈ કુર્ડીકર, કેસરબાઈ કેરકર, મલ્લિકાર્જુન મન્સૂર, અબ્દુલ કરીમ ખાન, ફૈય્યાઝ ખાન, ભીમસેન જોશી, ગંગુબાઈ હંગલ, માલિની રાજુરકર, કિશોરી આમોનકર, જસરાજ, કુમાર ગાંધર્વ અને આમિર ખાન.

### નૃત્યકારો:-

અચ્છન મહારાજ, લચ્છુ મહારાજ, સિતારા દેવી, ગોપી કૃષ્ણ, બિરજુ મહારાજ, દુર્ગા લાલ, યામિની કૃષ્ણમૂર્તિ, સંયુક્તા પાણિગ્રહી અને કલ્યાણી કુટ્ટી અમ્મા.

સંગીત, નૃત્ય, લોકસંગીત અને લોકનૃત્યના ક્ષેત્રમાં તમામ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પુરસ્કાર વિજેતાઓ, ખાસ કરીને અવનદ્ધ વાધ કલાકારોના સંદર્ભમાં.

## એકમ – ૧૦ સંગીતમાં ઘરાના અને સંસ્થાકીય પ્રણાલીનો વિગતવાર અભ્યાસ

બાજ અને ઘરાનાની વ્યાખ્યા.

તબલા અને પખાવજની ઘરાનાઓનું ઐતિહાસિક મૂલ્યાંકન અને વિકાસ, દિલ્હી ઘરાના, અજરાડા ઘરાના, ફર્રુખાબાદ ઘરાના, લખનૌ ઘરાના, બનારસ ઘરાના, પંજાબ ઘરાના, નાના પાનસે ઘરાના, કુદઉ સિંહ ઘરાના.

વિવિધ ઘરાનાઓમાં વર્ણ નિકાસ (વાદન તકનીક).

ઘરાનાઓના આધારે પેશકાર, કાયદો, રેલા, ગત, ટુકડા, પરન, તિહાઈ, ચક્રધાર અને લગ્ગી લડીની મુખ્ય લાક્ષણિકતાઓ.

શાસ્ત્રીય સંગીત, ઉપ-શાસ્ત્રીય, સુગમ અને ફિલ્મ સંગીતમાં તબલા અને પખાવજની ઉપયોગિતા અને મહત્ત્વ.

વિશ્વવિધાલયો, અકાદમીઓ અને અન્ય સંસ્થાઓ, પ્રખ્યાત પ્રાધ્યાપકો, ગુરુઓ, વિદ્વાનો, વહીવટકર્તાઓ જે સંગીતનો પ્રસાર કરી રહ્યા છે.

# <u>રવીન્દ્ર સંગીત</u>

## એકમ – ૫ પ્રાયોગિક સિદ્ધાંત

ચોવીસ કલાકના રાગ અને રાગિણીઓનું જ્ઞાન, તાલોનું જ્ઞાન, બંગાળના કીર્તન, બાઉલ અને અન્ય લોકગીતોનું જ્ઞાન, વર્ષા અને વસંતના રાગ અને રાગિણીઓનું જ્ઞાન, પસંદ કરેલા પ્રાંતીય ગીતો, ટાગોર દ્વારા વારંવાર ગવાતા વેદ અને ઉપનિષદોના પસંદ કરેલા શ્લોકો. રવીન્દ્રનાથ ટાગોરે ખાસ બનાવેલા તાલ જેમ કે, ઝમ્પક (૫ માત્રા), ષષ્ઠી (૬ માત્રા), રૂપકડા (૮ માત્રા), નબતાલ (૯ માત્રા), એકાદશી (૧૧ માત્રા), નબપંચતાલ (૧૮ માત્રા). મૂળ ગાન અને ભંગ ગાન. ટાગોર દ્વારા બ્રહ્મ સંગીત. ટાગોરના કાવ્ય ગીતો, વૈદિક સ્તોત્રો (ટાગોર દ્વારા સ્વરબદ્ધ). દેશભક્તિના ગીતો. આકારમાત્રિક સ્વરલેખન પદ્ધતિ.

## એકમ – ૬ સંગીતનો ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય

ટાગોર અને ભારત તથા વિદેશની અગ્રણી હસ્તીઓ વચ્ચેનો પરિસંવાદ. ટાગોર સંગીત પર પાશ્ચાત્ય વિદ્વાનો. 'સંગીત ચિંતા' ટાગોરના પુસ્તકનો સંપૂર્ણ અભ્યાસ. ટાગોર પર એકંદરે યુરોપિયન સંગીતનો પ્રભાવ. યુરોપિયન સંગીત અને પ્રાંતીય સૂરોનો પ્રભાવ. ગીત લેખન અને સંગીત રચનામાં ટાગોરની સર્જનાત્મક યાત્રા. ટાગોરના ગીતોના સંગ્રહનો ઇતિહાસ. ધ્રુપદ, ખ્યાલ, ટપ્પા, ઠુમરી પર વિશેષ ભાર સાથે ભારતીય શાસ્ત્રીય સંગીતનું પાયાનું જ્ઞાન. સ્વરલેખન અને તાલનું જ્ઞાન (ભારતીય અને પાશ્ચાત્ય).

## એકમ – ૭ રચનાત્મક સ્વરૂપો અને તેમનો વિકાસ

રવીન્દ્ર સંગીત માટેના મુખ્ય સ્વરૂપો. ગીતાંજલિ અને ગીત અર્પણ - એક ગ્રંથસ્થ અભ્યાસ. ટાગોરનું જીવનચરિત્ર: ગીતાંજલિ યુગ સુધીના સંગીત રચનાકાર તરીકે ટાગોરનું જીવન. ગીતાંજલિ પછી ૧૯૪૧ સુધીના સંગીત રચનાકાર (બીજો ભાગ). વર્ષામંગલ, શરદોત્સવ વગેરે.

રવીન્દ્ર સંગીત દ્વારા રવીન્દ્રનાથ ટાગોરનો સૌંદર્યલક્ષી અભિગમ. ટાગોરનું સંગીત દર્શન, સાહિત્યેર પથે, સાહિત્ય, સાહિત્યેર સ્વરૂપ. ટાગોરની શરૂઆતના દિવસોમાં સંગીત પ્રત્યેની દ્રષ્ટિ. નિબંધો, કવિતાઓ, નવલકથાઓ વગેરેમાં વ્યક્ત થયેલ ટાગોરની સંગીત ફિલસૂફીનો ખ્યાલ. રાગનું જ્ઞાન. બંગાળી ગીતો: પૂર્વ-સમકાલીન અને ઉત્તર-રવીન્દ્રનાથ યુગ. રવીન્દ્રનાથ સિવાયના અન્ય લેખકોના બ્રહ્મસંગીત અને દેશભક્તિના ગીતો. બ્રહ્મસંગીત: ટાગોર પરિવાર સિવાયના અન્ય લેખકો. વેદગાન, માઘોત્સવ, ઉપાસના ગીત, ટાગોર હાઉસના ગીતો, હાસીરગાન.

## એકમ – ૮ ભારતના સંગીત વાદ્યો

રવીન્દ્ર સંગીતમાં વપરાતા પ્રચલિત વાદ્યો, જેમ કે, ઇસરાજ, ગિટાર, કી બોર્ડ, સિતાર, તાનપુરો, હાર્મોનિયમ, સરોદ, વાયોલિન, મંજીરા, ઓર્ગન – પિયાનો, વાંસળી અને તેના પ્રકારો, પખાવજ, તબલા, શ્રી ખોલ, ઢોલ, મૃદંગમ, જલતરંગ વગેરે.

રવીન્દ્ર સંગીત: લય અને તાલમાં પ્રયોગો

વિવિધ તાલ અને લયનો વિનિયોગ. સૂરંતર અને છંદંતર.

### એકમ – ૯ વિદ્વાનો / કલાકારોનું પ્રદાન અને તેમની ગ્રંથ પરંપરાઓ

ટાગોરના ગીતનાટ્ય અને નૃત્યનાટ્ય જેમ કે – વાલ્મીકિ પ્રતિભા, કાલમૃગયા, માયાર ખેલા, ચિત્રાંગદા, ચંડાલિકા, શ્યામા, તાશેર દેશ, શાપમોચન વગેરે અને વિવિધ ગીતોથી ભરેલા અન્ય નાટકો, જેમ કે પ્રાયશ્ચિત્ત, વિસર્જન, મુક્તધારા, અચલાયતન, રાજા, રક્તકરબી, ફાલ્ગુની, વસંત, શિશુતીર્થ, ઋણશોધ, રાજા ઓ રાણી, પ્રકૃતિર પ્રતિશોધ, તાપતી વગેરે. (તમામ નાટ્યકૃતિઓ અને ગીતબિતાનમાં ટાગોરની સંગીત સર્જનાત્મકતાના ઉદાહરણો – એક ગ્રંથસ્થ અભ્યાસ (ભાગ ૧, ૨, ૩) અને સ્વરબિતાન (સ્વરલેખન પુસ્તકો) ૧- ૬૬ અને અન્ય. ભાનુસિંહર પદાવલી, ઋતુનાટ્ય. ટાગોરના ગીતોના સંગ્રહનો ઇતિહાસ.

### વિદ્વાન / કલાકાર / સંગીતકારોનું પ્રદાન

પ્રતિભા દેવી, સુબિનય રોય, નીલિમા સેન, ઇન્દિરા દેવી ચૌધરાણી, માયા સેન, સુચિત્રા મિત્રા, કણિકા બંદોપાધ્યાય, શાંતિદેવ ઘોષ, જ્યોતિરિન્દ્રનાથ ટાગોર, દેબેન્દ્રનાથ ટાગોર, શૈલજારંજન મજુમદાર, અનાદિ દસ્તીદાર, કાંગાલીચરણ સેન, અમિયા ઠાકુર, ભીમરાવ શાસ્ત્રી, અશેષ બંદોપાધ્યાય, ગિરિજાશંકર ચક્રવર્તી, રમેશ ચંદ્ર બંદોપાધ્યાય, રાજેશ્વરી દત્ત, શંખ ઘોષ, સુધીર ચક્રવર્તી વગેરે.

### એકમ – ૧૦ સંગીતની ઘરાના અને સંસ્થાકીય પ્રણાલી

ટાગોરની સંગીત સર્જનાત્મકતાનો એકંદર સર્વેક્ષણ, ટાગોરની સંગીત રચનાઓની સૂર અને લયની વિવિધતાઓ જેમાં તેમના પોતાના પ્રાયોગિક ભિન્નતાનો સમાવેશ થાય છે. ટાગોરની સંગીત રચનાઓના સમયગાળા અને તબક્કાઓ. (કાલક્રમિક ક્રમ જાળવી શકાય છે). રવીન્દ્ર સંગીત પર હિન્દુસ્તાની, કર્ણાટકી અને પાશ્ચાત્ય સંગીતનો પ્રભાવ, રવીન્દ્ર સંગીતને પ્રભાવિત કરનારા સંગીતકારો. ફિલ્મોમાં વપરાયેલા ટાગોર ગીતો. ટાગોર ગીતો:

મૂળ ગીતો સાથે ટપ્પા, ઠુમરી, તરાના અને ભજનમાંથી સ્વીકારવામાં આવેલા સૂરો.

ટાગોર પરિવારનું સાંસ્કૃતિક વાતાવરણ (પાથુરિયાઘાટા અને જોરાસાંકો, કોલકાતા). ટાગોર સંગીતની વિષયવસ્તુની વિવિધતાઓ: (પૂજા, પ્રેમ, સ્વદેશ, પ્રકૃતિ, વિચિત્ર, અનુષ્ઠાનિક) રવીન્દ્ર સંગીતના ઉત્સવ ગીતો. હિન્દુસ્તાની ગીતોનું જ્ઞાન અને આ ગીતો પર ટાગોરનો અભિપ્રાય.

ભારત અને બાંગ્લાદેશનું રાષ્ટ્રગીત. શાસ્ત્રીય સૂર પર આધારિત રવીન્દ્ર સંગીત.